# ફ્રન્ટ પર 'વાંચે ગુજરાત' ફેર...

પ્રેમીજનોને મોજથી ટહેલવું ગમે એવા અમદાવાદના એક નવા માર્ગ પર તાજેતરમાં અનેકવિધ પ્રેમીઓ જોવા મળ્યા. એ હતા પુસ્તકપ્રેમીઓ ને અવસર હતો રાષ્ટ્રીય પુસ્તકમેળાનો.

*અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન, નૅશનલ બુક ટ્રસ્ટ, ગુજરાત પ્રકાશક મંડળ* અને *ગુજરાત સાહિત્ય પરિષદ*ના સંયુક્ત ઉપક્રમે અમદાવાદના નવનિર્મિત સાબરમતી રિવર ફ્રન્ટની વિશાળ જગામાં સાત દિવસ (એકથી સાત મે) માટે *પ્રથમ રાષ્ટ્રીય પુસ્તકમેળો-૨૦૧૨* યોજાયો. ૭૦ હજાર ચોરસમીટરની વિશાળ જગ્યાના વાતાનુકૂલિત ડોમમાં હતા વિવિધ પ્રકાશનગૃહોના ૧૭૭ જેટલા સ્ટૉલ્સ, ફૂડ કોર્ટ તથા સાહિત્યિક કાર્યક્રમો માટે બે ખાસ સભાગૃહ. એમાં એક સ્ટૉલ *ચિત્રલેખા*નો પણ ખરો.

જાણીને નવાઈ લાગશે કે ઉનાળાના ધોમધખતા તાપમાં પણ અમદાવાદીઓની જાણે વાંચન અને બુક શૉપિંગની ભૂખ ઊઘડી હતી. જો કે મેળો એસી ડોમમાં જામ્યો હતો એટલે મનપસંદ પુસ્તકો જોવામાં (અને ખરીદવામાં પણ!) બધાને મજા પડી. ક્યાંક પડાપડી પણ થઈ. સહઆયોજક સંસ્થા *ગુજરાત પ્રકાશક મંડળ*ના સહમંત્રી અને *નવભારત સાહિત્ય મંદિર*ના સંચાલક મહેન્દ્રભાઈ શાહ કહે છે કે સુંદર વ્યવસ્થાના કારણે મોટી સંખ્યામાં આવેલા મુલાકાતીઓએ વિવિધ વિષયોનાં પુસ્તકો ઉત્સાહભેર ખરીદ્યાં. *ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય*ના મનુભાઈ શાહ કહે કે બુક ફેરમાં સાહિત્યિક કાર્યક્રમોનું આયોજન વધારાનું આકર્ષણ બન્યું.

*આર.આર. શેઠ*ના ચિંતન શેઠ કહે છે કે અગાઉના પુસ્તકમેળામાં મુલાકાતીઓમાંથી સરેરાશ વીસ ટકા લોકો પુસ્તક ખરીદતા હતા. જે અહીં વધીને સાઠેક ટકા થયાનું જોવા મળ્યું. એક આડવાત *નવભારત સાહિત્ય મંદિર*ના જયેશ શાહે કહી. એ મુજબ કેટલાંક મૉલ, શૉપ્સ કે લાઈબ્રેરીની જેમ પુસ્તકમેળામાં પણ અમુક તસ્કરો પુસ્તક તફડાવવા આવે છે. *(વાંચે તસ્કર?!)*

પુસ્તકમેળાની મોસમમાં મૂળ મહારાષ્ટ્રના અને વર્ષોથી અમેરિકામાં સ્થાયી થયેલા મંદાર જોગલેકરે ગુજરાતી, હિંદી, અંગ્રેજી, મરાઠી સહિત દેશની ૧૫ ભાષામાં અંદાજે ૭૫ હજાર પુસ્તકની ઈ-શૉપના *બુક ગંગા પ્રોજેક્ટ* વિશે અમદાવાદના કેટલાક પ્રકાશકો તથા લેખકોને માહિતગાર કર્યા હતા. મંદારભાઈ કહે છે કે અમારી વેબસાઈટ પરથી કોઈ પણ વ્યક્તિ પોતાની પસંદગીનું પુસ્તક નિયત કિંમત ચૂકવીને ડાઉનલોડ કરી શકે છે અથવા ઘેરબેઠાં મગાવી શકે છે.

જો કે હવે રિવર ફ્રન્ટ પર વારે વારે ફેર જામશે એ નક્કી. પછી એ પુસ્તકનો હોય કે પતંગનો!